# ‘આત્મનિર્ભર ભારત’ પ્રાપ્ત કરવા માટે અભ્યાસક્રમની રચનાના સુધારાત્મક પગલાં

જયશ્રીબેન ગુલાબભાઈ ચૌધરી
અધ્યાપક સહાયક,
પી.ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ

**સારાંશ**

*ભારત એક વિકાસશીલ દેશ છે. એ આપણે જાણીએ છીએ પરંતુ ભારતે હજુ વિકાસની દિશામાં ઘણી પ્રગતિ કરવાની બાકી છે. લગભગ ૭૦૦ વર્ષ સુધી ગુલામીમાં જીવેલો ભારત જ્યારે સ્વતંત્ર થયો ત્યારે હજુ તેને 60 વર્ષ થયા છે. ત્યાં હજુ ભારતે શિક્ષણ ક્ષેત્રમાં ઘણો બધો વિકાસ કરવાનો બાકી છે. તેથી જ આજની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભાવીનો એટલે કે આપણે આપણા આવતા 50, 100 કે 200 વર્ષ સુધી કેળવણી નું સ્વરૂપ કેવું હોવું જોઈએ? તેમજ ભારતની ભાવિ કેળવણી નું ચિત્ર કેવું હશે? તે દિશામાં આપણે પગલાં લેવા જોઈએ. હાલમાં ભારતની સાક્ષરતા ૭૦% છે જો તે ૯૦ % સુધી લઈ જવી હોય તો અભ્યાસક્રમમાં ઘણા મોટા પરિવર્તન લાવવા પડશે. આ બાબતોને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત લેખમાં "આત્મનિર્ભર ભારત"પ્રાપ્ત કરવા માટે અભ્યાસક્રમ ની રચના સુધારાત્મક પગલાઓની ચર્ચા કરવામાં આવી છે.*

---

**ચાવીરૂપ શબ્દો:** *આત્મનિર્ભર ભારત, અભ્યાસક્રમ, સુધારાત્મક પગલાં*

---

## ૧. પ્રસ્તાવના

સમગ્ર વિશ્વની પ્રગતિની સાથે સાથે જો ભારતને પણ પ્રગતિ કરવી હોય તો ભારતે પહેલા તેના શિક્ષણમાં પ્રગતિ લાવી ખૂબ જ જરૂરી છે. ભારત ને આત્મનિર્ભર અને ઊંચા શિખર પર બિરાજમાન જો આપણે જોવું હોય તો શિક્ષણને આત્મનિર્ભર બનવું ખૂબ જ જરૂરી છે. આમ ભારતને આત્મનિર્ભર બનાવવા માટે અભ્યાસક્રમની રચનામાં આપણે કેટલીય સુધારણા લાવવી પડશે. જેમાંથી કેટલાક સુધારાત્મક પગલાંની ચર્ચા અહીં કરવામાં આવી છે.

## ૨. સુધારાત્મક પગલાંઓ

- આધુનિક શિક્ષણ વિચારમાં અભ્યાસક્રમ એ અનુભવલક્ષી અભ્યાસક્રમ હોવો જોઈએ.
- વિવિધ વિષયો જેવા કે ગુજરાતી, ભૂગોળ, સંસ્કૃત, ઈતિહાસ, ગણિત, સામાજિક વિજ્ઞાન, ચિત્રકામ, નાગરિકશાસ્ત્ર, રાજનીતિ શાસ્ત્ર, વિજ્ઞાન વગેરે વિષય પૂરતો અભ્યાસક્રમ મર્યાદિત થવો ન જોઈએ. પરંતુ અભ્યાસક્રમમાં વર્ગના, વાંચનાલયના, વર્કશોપના, સેમિનારના, પ્રયોગશાળાના, રમત ગમતના મેદાનના, શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેની ઔપચારિક સંપર્કના, વાતચીતના અનુભવોનો અભ્યાસક્રમમાં સમાવેશ થવો જોઈએ.

- અભ્યાસક્રમ ની રચનામાં બાળકની અધ્યયન પ્રક્રિયા અને વિકાસને ધ્યાનમાં રાખવું જોઈએ.
- અભ્યાસક્રમ વર્ગ શિક્ષણના વિવિધ લક્ષી પાસાઓને આવરી લે તેવો હોવો જોઈએ.
- અભ્યાસક્રમ બાળકના સર્વાંગીણ વિકાસની સાધી શકે તેઓ એટલે કે બાળકને શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ તરફ દોરી જાય તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.
- વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવત સંભાળ રાખે તેવો સ્થિતિસ્થાપકતા ધરાવતો અને એક જ પ્રકારનો અભ્યાસક્રમ ન હોવો જોઈએ.
- અભ્યાસક્રમ કેટલાય વિષયની કુશળતા અને રસાસ્વાદ માણી શકાય તેવો હોવો જોઈએ.
- કુશળ અને રસાસ્વાદ વાળા વિષયોની સાથે-સાથે વ્યક્તિગત તફાવતોને પહોંચી વળવા બીજા વિષયો અને શૈક્ષણિક અનુભવોને સ્થાન આપે તેવા અભ્યાસક્રમની રચના કરવી.
- શિક્ષણમાં દરેક સ્તર પર એટલે કે દરેક કક્ષાએ બાળકની શક્તિઓ અને મર્યાદાઓને ધ્યાનમાં રાખે તેવા અભ્યાસક્રમની રચના કરવી જોઈએ.
- અભ્યાસક્રમ વિદ્યાર્થીના સામાજિક જીવન સાથે અંતર્ગત રીતે સંકળાયેલો હોવો જોઈએ.
- દરેક શાળા અને કોલેજોમાં જે સામાન્ય અભ્યાસક્રમ ભણાવવામાં આવે છે તે વિદ્યાર્થીને સ્થાનિક કક્ષાની જરૂરિયાતોને સંતોષી શકે તેવો હોવો જોઈએ.
- બાળકને સામાજિક, સાંસ્કૃતિક કલા સંબંધી, રમતગમત વગેરે પ્રવૃત્તિઓ શીખવે એટલે કે ફુરસદના સમયનો સંપૂર્ણ ઉપયોગ કરે તેવા અભ્યાસક્રમની રચના કરવી જોઈએ.
- અભ્યાસક્રમમાં દેશનો સાંસ્કૃતિક વારસો, સમાજની જરૂરિયાતો, પ્રગતિ અને સમસ્યાઓનો પણ સમાવેશ થવો જોઈએ.
- બાલિકાઓ ભવિષ્યમાં પોતાની જવાબદારી સ્વીકારી શકે તે માટે તેમને જરા અલગ પ્રકારનું ગુણવત્તાસભર અભ્યાસક્રમની રચના કરવી જોઈએ.
- શહેર અને ગામડાની જરૂરિયાતને સંતોષી શકે તે પ્રમાણે તેમજ લોકોને ફાયદો થાય, શહેરી અને ગ્રામ્ય જીવન વચ્ચેનું અંતર ઘટે તેવા અભ્યાસક્રમની રચના કરવી જોઈએ.
- અભ્યાસક્રમ બોજારૂપ ન હોવો જોઈએ. જરૂરિયાત પ્રમાણે વિવિધ વિષયોનું વિગતવાર શિક્ષણ આપવું જોઈએ. એટલે કે એક તરફ આપણે આપણા સાંસ્કૃતિક વારસાને જાળવવા જોઈએ તેમજ બીજી બાજુ વિદ્યાર્થીના જ્ઞાનમાં પણ વધારો થવો જોઈએ.
- જ્યારે આપણે વિવિધ વિષયોનો અભ્યાસ કરીએ છીએ ત્યારે તેમાંથી પણ નવા વિષયો અસ્તિત્વમાં આવે છે તો આવા વિષયોનો પણ શિક્ષણમાં સમાવેશ કરવો જોઈએ.
- અભ્યાસક્રમમાં વિષયોનું અકુદરતી વિભાજન ન થવું જોઈએ. વિશ્વની રચના એવી રીતે થવી જોઈએ કે જેનો સીધો સંબંધ વિદ્યાર્થીના જીવન અને અનુભવ સાથે જોડી શકાય.
- અભ્યાસક્રમની રચનાના ચોક્કસ અને વિશિષ્ટ હેતુને સિદ્ધ થાય તેવા વિષય મુદ્દાઓને આવરી લેવા જોઈએ. જેથી દરેક વિષયના સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓની સમજ વિદ્યાર્થીઓને કેળવાય.

- અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે વિદ્યાર્થી જે પણ કક્ષાએ ભણે તેનો હેતુ આજીવિકા પ્રાપ્ત કરી શકે તેવો હોવો જોઈએ.
- ભાવિ જીવન જીવવા માટે તાલીમ મળે તેવા અભ્યાસક્રમ ની રચના થવી જોઈએ.
- અભ્યાસક્રમમાં ધંધાકીય લક્ષ્યને રાખીને ધંધાકીય કેળવણી ની રચના કરવી જોઈએ.

## ૩. સમાપન

આમ, જો આત્મનિર્ભર ભારત ની રચના કરવી હોય તો આપણે આપણા અભ્યાસક્રમમાં વૈવિધ્યતા ની સાથે-સાથે તેમાં પાકિસ્તાન અને સુસંગતતા લાવી અને સમય સમયની સાથે તેમાં પરિવર્તનશીલતા આવે તેવા વિષયો એટલે કે યોગ્ય વિષયોનું ચયન કરી આજીવિકારુપ શિક્ષણ બાળક મેળવે અને તેને અનુભવ લક્ષી જ્ઞાન પ્રાપ્ત થાય તેવા સુધારાત્મક પગલાઓની આજના સમયમાં એટલે કે વર્તમાન શિક્ષણમાં ખૂબ જ જરૂરી છે.

## સંદર્ભ સૂચિ

૧. દોલતભાઈ દેસાઈ અને પ્રમિલા દેખતાવાલા,(૧૯૮૪), અભ્યાસક્રમ: સિદ્ધાંતો અને અભ્યાસક્રમ સંરચના, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. પૃષ્ઠ નં.૭૪
૨. નીરવ.પી. શાહ, (૨૦૧૧), કેળવણીની તાત્વિક આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ. પૃષ્ઠ નં.૩૯,૪૧